# છૂટછાટ ભારે પડશે !! જિલ્લાની ખાનગી હોસ્પિટલમાં કોરોનાના શંકાસ્પદ કેસ ડોકાયા

### આરોગ્યતંત્રના ચોપડે કેસ નથી, ખાનગી હોસ્પિટલમાં ૧૦ થી વધુ કેસ

બાયડ, તા. ૨૭
રાજ્યમાં કોરના સંક્રમણ ધીમુ પડતાં વ્યાપક છૂટછાટ આપવામાં આવી છે પરંતુ રાજ્યમાં ફરી કોરોના માથુ ઉંચકતા જ હોવાના આંકડા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાના શંકાસ્પદ ફરી ડોકાયા છે. બન્ને જિલ્લાના આરોગ્યતંત્ર દ્વારા કોરોના કેસ નથી ના દૈનિક રીપોર્ટ જાહેર થઈ રહ્યા છે પરંતુ ખાનગી હોસ્પિટલમાં શંકાસ્પદ કેસમાં ઉછાળો નોંધાયો છે. પાછલા ૩ દિવસમાં ૧૦ થી વધુ શંકાસ્પદ કેસ હોવાનું બહાર આવ્યુ છે.

જિલ્લો કોરોના સંક્રમણમાંથી માંડ બહાર આવ્યો. રાજ્ય સરકાર દ્વારા કોરોનામાં બધુ અનલોક કરી વ્યાપક છૂટછાટ અપાઈ, રસીકરણ ઝુંબેશ મોટાભાગે સફળ રહી. કોરોના રસીના એક કે બે ડોજ લેનાર હવે પોતાનું કોરોના કશુ નહી બગાડે તેમ માની બિન્દાસ્ત ફરી રહ્યા છે. નાના-મોટા સારા-ખરાબ પ્રસંગમાં સોશ્યલ ડીસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભુલાતાં ફરી કોરોના વકરે તેવી પૂર્ણ દહેશત જોવા મળી છે.

જિલ્લામાં ફરી એકવાર કોરોના માથુ ઉંચકી રહ્યાના બિન સત્તાવાર આંકડા પ્રકાશમાં આવી રહ્યા છે. કોરોનાનુ સ્વરૂપ બદલાયુ છે જેથી તંત્ર તેનો વાયરલ ઈન્ફેકશનમાં ખપાવી રહ્યુ છે પરંતુ રીપોર્ટ ચોકાવનારા છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં આગામી બે દિવસ ભારે વરસાદની ચેતવણી

### તેજ પવન ફૂંકાય તેવી સંભાવના

બાયડ, તા. ૨૭
સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આગામી ૨ દિવસ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જ્યારે ૪૦ થી ૬૦ કિમીની ઝડપે તેજ પવન ફૂંકાય તેવી સંભાવના વ્યક્ત થઈ છે.



ગુજરાત ઉપર લૉ પ્રેસર સિસ્ટમ સક્રીય થઈ છે અને ભાદરવા મહીનામાં ફરી વરસાદની ધડબડાટીના સંકેત મળ્યા છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાના ૧૪ પૈકી ૬ તાલુકામાં મેઘરાજાની તોફાની બેટીંગ જોવા મળી અનેક ગ્રામ્ય વિસ્તારોમાં મુશળધાર ૩ થી ૪ ઈંચ વરસાદ ખાબકતાં ચેકડેમ-તળાવોમાં પાણીની આવક નોંધાઈ હતી.

જ્યારે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૪૮ કલાક દરમ્યાન લૉ પ્રેસર સિસ્ટમ સક્રીય થતાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જિલ્લામાં હજુ વરસાદની ઘટ સરભર થઈ નથી તે જોતાં આગામી ૪૮ કલાકમાં મેઘરાજાની ટી-૨૦ જેવી બેટીંગ જોવા પ્રજા-ખેડૂતોમાં ઉત્સાહ છે. સોમવાર સવારથી જિલ્લાના અનેક વિસ્તારોમાં બફારાથી પ્રજા સવારથી જ ત્રસ્ત જોવા મળી છે. હવામાં ભેજનું પ્રમાણ વધતા ભયંકર બફારો અનુભવાય છે તે જોતાં ફરી એકવાર સારા વરસાદની સંભાવના જોવાઈ રહી છે.





### પંડીત દીનદલાળજી જન્મજયંતિ નીમીત્તે પુષ્પાંજલી અપાઈ

એકાત્મ માનવ દર્શન ના પ્રણેતા રાષ્ટ્રવાદી ચિંતક અને ભારતીય જનસંઘના પૂર્વ અધ્યક્ષ પં.દીનદયાલ ઉપાધ્યાયજીની જન્મજયંતી નિમીત્તે ભાજપ દ્વારા પુષ્પાંજલી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો મન કી બાત કાર્યક્રમ શહેરના લક્ષ્મી પાર્ટીમાં રાખવામાં આવેલ. જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુંવરબા પરમાર, જીલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, રેખાબેન ચૌધરી, જીલ્લા ભાજપ મહામંત્રી વિજયભાઈ પંડ્યા, પાલીકા પ્રમુખ યતીનબેન મોદી સહિત શહેર સંગઠનના કાર્યકરો, હોદ્દેદારો, પાલીકા સદસ્યો વગેરે હાજર રહ્યા હતા.

# પ્રાંતિજના બોભા ગામમાં બીએસએનએલ કંપનીના ઉપભોકતા બન્યા ત્રસ્ત

### ગામમા ટાવર હોવા છતાંય ટાવર ના પકડાતા ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ : અનેકવાર રજુઆત બાદ પણ કમ્પલેન સોલ નથી થતી : છાસવારે કમ્પલેનો આવતા બીએસએનએલ કંપનીના ગ્રાહકો અન્ય કંપની તરફ વળ્યા

પ્રાંતિજ તા.૨૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામમા છેલ્લા કેટલાય દિવસોથી બીએસએનએલના કનેકશન ધારકો ટાવરના પકડાતા ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને અન્ય કંપની તરફ વળી રહ્યા છે.



પ્રાંતિજ તાલુકાના બોભા ખાતે છેલ્લા કેટલાય દિવસોથી બોભા ગામમા બીએસએનએલના કનેક્શન ધારકો ટાવર ના પકડાતા ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને ધીરે ધીરે લેનલાઈનના કનેક્શનનો તો મૃત પાય બની રહ્યા છે પરતુ હવે મોબાઈલ ધારકો પણ ટાવર ના પકડાતા કંટાળી ગયા છે કાતો ટાવર પકડાય છે તો સામ-સામે અવાજ નથી સંભળાતો જેના કારણે લોકો ના વિચારો ની આપ લે બંધ થઈ જાય છે આ બાબતે ગામલોકોએ વારંવાર તંત્રમાં મૌખિક તેમજ લેખિત ફરીયાદો કરી છે પરંતુ તેમ છતાંય એ તંત્રના પેટનુ પાણી પણ હલતુ નથી. બોભા ગામના લોકો ખાસ કરીને યુવાનો હવે બીએસએનએલથી કંટાળી ગયા છે તો બીજી કંપની જીઓનો ટાવર પણ કાર્યરત છે તેમા કોઈ ખામી નથી જેના કારણે હવે ધીરેધીરે બીએસએનએલ કંપનીના ગ્રાહકો અન્ય કંપનીઓ તરફ વળી જાય તો નવાઈ નહી.

# ટીંટોઈમાં ગાયત્રી પરિવાર દ્વારા એક સાથે ૬૭ ઘરોમાં ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો

કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં માનવતાની સેવામાં સંવેદના સાથે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા સંભવતઃ સહાયરૂપ બનવા પ્રયત્નશીલ રહ્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયત્રી યજ્ઞ એ આધ્યાત્મિક સ્તરે પણ વૈજ્ઞાનિક રીતે સમગ્ર વાતાવરણ શુદ્ધિકરણ માટે સેનેટાઈઝ કરવા માટે શ્રેષ્ઠ ઉપાય છે. હાલની પરિસ્થિતિ ગામ સમસ્ત સામુહિક યજ્ઞ આયોજન કરવા સામુહિક સ્વાસ્થ્યની સુરક્ષાને જોતા યોગ્ય નથી. જેથી ગાયત્રી પરિવાર દ્વારા ટીંટોઈ ખાતે તા. ૨૬ સપ્ટેમ્બર, રવિવારે એક જ દિવસે એક સમયે અલગ અલગ સડસઠ (૬૭) ઘરોમાં ગાયત્રી યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું. જેથી આ સડસઠ ઘરોમાં યજ્ઞમાં ઔષધીય જડીબુટ્ટીઓ યુક્ત બનાવેલ હવન સામગ્રીની આહુતિ આપવામાં આવી. આ ઔષધિ યુક્ત યજ્ઞિય વાયુના વાતાવરણથી સમગ્ર ટીંટોઈ યજ્ઞમય બની ગયું. સાથે સાથે આ ઘરોમાં યજ્ઞની પૂર્ણાહુતિમાં યજમાનોએ પોતાના જીવનમાં કુરિવાજો, વ્યસનોથી દૂર રહેવા તથા સત્પ્રવૃતિઓ, સદ્વિચારો સાથે જોડાવા સંકલ્પ લેવામાં આવ્યા. આ સમગ્ર યજ્ઞ આંદોલન નિઃશુલ્ક રાખવામાં આવેલ. આ દરેક ઘેર યજ્ઞની તમામ સામગ્રી સહિત સત્સાહિત્ય પણ ગાયત્રી પરિવાર દ્વારા આ દરેક ઘેર નિઃશુલ્ક આપવામાં આવ્યું. આ યજ્ઞ આંદોલન સફળ બનાવવા દરેક ઘેર યજ્ઞ કર્મકાંડ માટે અરવલ્લી જીલ્લાના મોડાસા, ભિલોડા, બાયડ, મેઘરજ, માલપુર, ધનસુરા તાલુકા તેમજ સાબરકાંઠા જિલ્લામાંથી પણ હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, પ્રાંતિજ તાલુકાઓમાંથી ગાયત્રી પરિવારના સાધકો આ ટીંટોઈ ખાતે આવીને ગૃહે ગૃહે યજ્ઞ કરવા પુરોહિતની ભૂમિકા નિભાવી.

ગાયત્રી પરિવાર અરવલ્લી જીલ્લા સંયોજક હરેશભાઈ કંસારા એ ઉપરોક્ત માહિતી આપતાં જણાવ્યું કે આ સમગ્ર આયોજનમાં અમૃતભાઈ પટેલ, રેવાસ ના નેતૃત્વમાં આયોજન કરવામાં આવ્યું. ટીંટોઈ ખાતેના ગાયત્રી સાધકો દ્વારા તેમજ અરવલ્લી અને સાબરકાંઠા બંને જીલ્લાના ગાયત્રી સાધક ભાઈઓ બહેનોએ આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

### મેડીકલ નગરીમાં દર્દીઓ માટે વધુ એક સુવિધા

# બાયડમાં સીટી સ્કેન સેન્ટરનો શુભારંભ : દર્દીઓને અમદાવાદ-મોડાસાના ધક્કામાંથી મુકિત

બાયડ, તા. ૨૭
બાયડમાં ડોકટર્સ ટીમ દ્વારા દર્દીઓ માટે અદ્યતન બાયડ સીટી સ્કેન સેન્ટરનો રવિવારે શુભારંભ થયો ત્યારે મેડીકલ નગરી તરીકે ઓળખાતા બાયડ શહેરમાં દર્દીઓને ઘર આંગણે પ્રથમ દિવસથી જ સીટી સ્કેન સેવાનો લાભ મળશે. આગામી ટૂંક સમયમાં એમ.આર.આઈ. સેન્ટર પણ શરૂ થવાનું છે.



કોરોનાના કપરા કાળમાં બાયડના તમામ ડોકટરોએ દેખાડેલી માનવતાની જિલ્લાની પ્રજાએ અચૂક નોંધ લીધી છે. બાયડ શહેર અરવલ્લી જિલ્લામાં સર્વશ્રેષ્ઠ મેડીકલ સેન્ટરની સાથે સસ્તી સારવાર આપતું સેન્ટર બનતા અરવલ્લી, સાબરકાંઠા, મહીસાગર, ખેડા-રાજસ્થાન, ગાંધીનગરના દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. શહેરમાં ૧૬ અદ્યતન સુવિધાયુક્ત હોસ્પિટલો છે પરંતુ સી.ટી. સ્કેન અને એમ.આર.આઈ.ની સુવિધા ન હોવાથી કેટલાક ડોકટરોએ દર્દીઓની સમય અને પૈસાનો બચાવ થાય તેવા ઉદ્દેશ્યથી બાયડ સીટી સ્કેન સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લીધો. બાયડના હાર્દસમા આર.આર. સીટી સેન્ટરમાં તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ પૂર્વ ધારાસભ્ય ડૉ. મહેન્દ્રભાઈ પટેલ, ડૉ. પ્રકાશભાઈ જી. શાહ, ડૉ. મિનેષભાઈ ગાંધી, ડૉ. નિમેષભાઈ સાલ્વી, ડૉ. અલ્પેશભાઈ પટેલ, ડૉ. દર્શનભાઈ પટેલ, ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ અને અનંત મહેતા (અમદાવાદ)ની ઉપસ્થિતિમાં બાયડ સીટી સ્કેન સેન્ટર ખુલ્લુ મુકાયુ હતુ. જિલ્લામાં અત્યાધુનિક તોસીબા કંપનીનું ૩૨ લાઈઝ સી.ટી. સ્કેન મશીનથી દર્દીઓની સારવાર માટે વધુ એક સેવા ઉપલબ્ધ થતાં દર્દીઓ તથા પંથકના ડોકટરોએ બાયડ સીટી સ્કેન સેન્ટર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાના જન્મદિન નિમિત્તે વિષ્ણુયાગ યજ્ઞ યોજાયો

### ઈડર વિધાનસભા મતક્ષેત્રના ભાજપા કાર્યકરો દ્વારા આયોજન : વડાપ્રધાન અને પૂર્વ અધ્યક્ષના લાંબા-નિરોગી આયુષ્ય માટે પ્રાર્થના

બાયડ, તા. ૨૭
ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાના ૭૦મા જન્મ દિવસ નિમિત્તે ઈડર વિધાનસભા મતક્ષેત્રના ભાજપા કાર્યકરો દ્વારા ઈડર સિવિલમાં વિષ્ણુયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાના લાંબા-નિરોગી આયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં વર્ષો સુધી રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી અને ત્યારબાદ વિધાનસભાના અધ્યક્ષ રહેલા રમણલાલ વોરાની ખોટ વર્તાઈ રહી છે. આજે પણ આ વિસ્તારની પ્રજા-ભાજપાના કાર્યકરો રાજ્ય સરકારના કામ માટે પૂર્વ અધ્યક્ષને મળીને રજૂઆત કરતા હોય છે અને ત્વરીત કામોનો ઉકેલ આવી રહ્યો છે. આ વિસ્તારમાં પૂર્વ અધ્યક્ષની અભૂતપૂર્વ લોકચાહના જોવા મળી રહી છે. તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ રમણલાલ વોરાની ૭૦મા જન્મ દિવસે તેમના ગાંધીનગર નિવાસસ્થાને શુભેચ્છાઓનો મેળાવડો જોવા મળ્યો. સાંજે ઈડર સિવિલમાં તેમના લાંબા-નિરોગી આયુષ્ય માટે યોજાયેલ વિષ્ણુયાગ યજ્ઞમાં આગેવાન નેતાઓ હાજર રહ્યા હતા. કાર્યકરોએ જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.



રમણલાલ વોરાના જન્મદિનને યાગદાર બનાવવા ૭૦ શાળાઓમાં વૃક્ષારોપણ તેમજ વિધાનસભા મતક્ષેત્રમાં વિધવાઓને કિટ વિતરણ અને કોરોના વોરીયર્સનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી, પ્રદેશ સંગઠન મહામંત્રી રજનીભાઈ પટેલ, જિલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય, અશ્વિનભાઈ પટેલ, કનુભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણામાં ૬ કલાકમાં સૌથી વધારે ૩ ઈંચ વરસાદ

### શિયર ઝોનના લીધે ૪ દિવસ ભારે વરસાદની આગાહી : બેચરાજીમાં ૨.૪૮ ઈંચ, કડીમાં ૨.૪૦ ઈંચ તેમજ સાબરકાંઠાના પોઈસામાં ૨.૩૬ ઈંચ વરસાદ થયો છે

મહેસાણા, તા. ૨૭
ગુજરાતમાં ફરી એકવાર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે, જેમાં અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં સવારથી વરસાદી માહોલ જામ્યા બાદ અચાનક વરસાદ તૂટી પડ્યો હતો. જેમાં સવારના ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં સૌથી વધારે વરસાદ મહેસાણામાં નોંધાયો છે. આ સિવાય સાબરકાંઠા, સુરેન્દ્રનગર, મોરબી, ગાંધીનગર, અમદાવાદ, અમરેલીમાં વરસાદ નોંધાયો છે. ૬ કલાકમાં રાજ્યના ૩૪ તાલુકાઓમાં ૧૦એમએમથી સવા ત્રણ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. ગુજરાતર શિયર ઝોન ક્રિએટ થયું છે, જેના લીધે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ રહેશે. મહેસાણા તાલુકામાં ૬ કલાકમાં સૌથી વધારે ૩.૨૨ ઈંચ વરસાદ નોંધાયો છે, આ પછી બેચરાજીમાં ૨.૪૮ ઈંચ, કડીમાં ૨.૪૦ ઈંચ, સાબરકાંઠાના પોઈસામાં ૨.૩૬ ઈંચ વરસાદ થયો છે. આ સિવાય વિસનગર, ખેરાલુ, હળવદ, કલોલ, બરવાળા, રાજુલા, વિરમગામ, દસાડા, સાયલા, ઊંઝા, વડનગરમાં ૧થી ૪ ઈંચ સુધીનો વરસાદ થયો છે. ભમરીયા નાળા પાસે પાણીમાં કાર ફસાઈ ગઈ હતી. આ સિવાય નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. અમદાવાદમાં સરખેજમાં આવેલા અંડરપાસમાં ડૂબી જવાથી એક યુવકનું મોત થઈ ગયું છે. ગુજરાત પર શિયર ઝોન સર્જાયું છે જેના લીધે આગામી ચાર દિવસ સુધી વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુલાબ વાવાઝોડું નબળું પડી જતા તે ડિપ્રેશનમાં પરિવર્તિત થયું છે, આવામાં ગુજરાત પર શિયર ઝોન ક્રિએટ થયો છે તેના લીધે આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.



અંતઃકરણથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે અભિનંદન



ભારતીય જનતા પાર્ટીના મોવડીમંડળ દ્વારા ગુજરાત રાજ્યના નવા વરાયેલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત સમગ્ર પ્રધાનમંડળને અભિનંદન પાઠવીએ છીએ. તેમજ તલોદ-પ્રાંતિજ વિધાનસભાના લોકલાડીલા યુવાન ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમારને રાજ્યકક્ષાના મંત્રી તરીકે વરણી કરીને સાબરાકાંઠા જિલ્લાને પ્રતિનિધિત્વ આપ્યું તેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર
(ધારાસભ્યશ્રી, પ્રાંતિજ-તલોદ)
રાજ્યકક્ષાના મંત્રીશ્રી અન્ન પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબત

:: શુભેચ્છકો ::
જે. ડી. પટેલ - પ્રમુખ
વિજયભાઈ પંડ્યા - જીલ્લા મહામંત્રી
કનુભાઈ પટેલ - જીલ્લા મહામંત્રી
મહેન્દ્રસિંહ રહેવર - જીલ્લા મહામંત્રી
જયેશભાઈ શાહ - ખજાનચી
દીપસિંહ રાઠોડ - સાંસદ
રમીલાબેન બારા - સાંસદ
ભરતભાઈ આચાર્ય - સંગઠન પ્રભારી
રેખાબેન ચૌધરી - સંગઠન પ્રભારી
રાજેન્દ્રસિંહ ચાવડા - ધારાસભ્ય
હિતુભાઈ કનોડીયા - ધારાસભ્ય

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા
તથા તમામ હોદ્દેદારશ્રીઓ તમામ મંડળના-મોરચાના હોદ્દેદારશ્રીઓ, તમામ કાર્યકર્તા બંધુઓ તથા સમગ્ર જીલ્લા ભાજપની ટીમ